

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

6709



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની મોટી ટુંક

પુસ્તક ૫૨
અંક ૭

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

મહા
સં૦ ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા


૧ મહાવીરને પણ મળ્યો ગોશાળો ! ... ... ... ... ( શાંતિલાલ શાહ ) ૯૫
૨ સમર ... ... ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૯૬
૩ શ્રી નવપદનાં પ્રાચીન ચૈત્યવંદનો ... ... ( પં. શ્રી રામવિજયજી ગણિ ) ૯૭
૪ ઉદયન અને વાસવદત્તા ... ... ... ... ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) ૯૮
૫ લોકપ્રિય થવાની કળા ... ... ... ... ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ૧૦૨
૬ ત્રેવીશમા શ્રી સ્યંદન જિન સ્તવન–સાર્થ ... ... ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) ૧૦૫
૭ જૈન ધર્મ : : જગન્માન્ય વિશ્વધર્મ ... ( પ્રો. જયંતિલાલ ભાઈશંકર દવે ) ૧૦૮
૮ સાહિત્ય સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ૧૧૦



## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

### કર્તા—**શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.**

જેમાં સમ્યકૃત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ. અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય–અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪–૮–૦ પોસ્ટેજ જુદું. માત્ર પચીશ કોપી સિલિકે રહી છે.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

વીર સં. ૨૪૮૧. ■ વિક્રમ સં. ૨૦૧૧.

માહ—ફેબ્રુઆરી.

પુસ્તક પર મું. ■ અંક ૭

## મહાવીરને પણ મળ્યો ગોશાળો !

કંચનકેરી કિંમત જ્યારે, કસોટીએ અંકાય;
તેમજ સાચા સંતની, અગ્નિ–પરીક્ષા થાય.
મહાવીરને પણ મળ્યો ગોશાળો !
એક વખત જે ભક્ત હતો, તે પછી ભાંડતો ગાળો !
શિષ્ય હતો ત્યારે સાથે ફરતો, સુખદુઃખ સાથે સહેતો,
કંઇ કંઇ વેળા ટાઢ–તાપમાં, ભૂખ્યો–તરસ્યો રહેતો;
વીરની સાથે વનવગડામાં, વિચરતો પગપાળો.
ગુરુની સાથે રહી ગોશાળે, ઘણું મેળવ્યું જ્ઞાન,
જ્ઞાન નહી જીરવાયું ત્યારે, ઊભરાયું અભિમાન;
વીરની જેમ સર્વજ્ઞપણાનો, કરવા માંડ્યો ચાળો !
થઇને બેઠો સંત–મહાત્મા, સંઘ સ્થાપના કીધી,
વીરની સાથે હરીફાઇની, એણે ચેષ્ટા કીધી !
મુજથી મોટો કોણ છે જગમાં? વધુ જાણવાવાળો ?
ફરતાં ફરતાં એક દિવસ ત્યાં, મહાવીરસ્વામી આવ્યા,
લડાઇના રસીયા લોકોએ, અંગારાં સળગાવ્યાં !
ગર્જન્તો ગોશાળો આવ્યો, ભરતો મોટી ફાળો !
વાદવિવાદે વિફરેલો એ, ભાન ભૂલીને બોલે,
માન ધરીને મહાવીર ભારે, મુખ જરી ના ખોલે !
ઉશ્કેરાયાં વીરના સાધુ, સહન થઇ નહીં ગાળો !
ગુરુએ શીખવાડેલી વિદ્યા, ગુરુ ઉપર અજમાવે,
ભીષણ તેજોલેશ્યા છોડી, જવાળાઓ પ્રગટાવે;
વીરની ચારે પાસ ફૂદડી, ફરતી આગની ઝાળો.
આગ નહી અડકી વીર અંગે, ગોશાળાને બાળે !
હાથે કર્યાં તે હૈયે વાગ્યાં, ચીસો કારમી પાડે !
બળી જળીને ઘોર ઘમંડી, થયો કોલસો કાળો ! !
આટઆટલું વીત્યું છતાં પણ, વીરે સમતા ધારી,
મૃત્યુ ટાણે ક્ષમા કરીને, દીધી શિખામણ સારી !
આવા જ્ઞાની ગુરુ હતાં ને આવો હતો ગોશાળો ! !

—શાંતિલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમર*

**શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"-માલેગામ**

દેશી-કડખાની

સમર દિનરાત મુજ મન વિષે ચાલતું અંત ન દિસે મને તેહકેરો
સંત મુનિ આત્મલક્ષી મહાગુરુ કહો જેહથી મમ ટળે જન્મફેરો—આંકણી.
નેત્ર બોલે જુઓ નાટ્ય કુતુહલ નવા ખેલ શૃંગાર નટ ચાહુ નટવી;
વિવિધ દશ્યો નિસર્ગે રચ્યા બહુ રૂડા માનવે સર્જિયા અમિત ભાવી. ૧
મન કહે નિરખ તૂં રૂપ નિજ આત્મનું જે અનંતા ભવે વિવિધ રંગી;
એમ કરતાં થશે સ્વરૂપ તારું ખરું પ્રગટ તુજને તદા તિમિર ભંગી. ૨
કાન કહેતા સુણો નૃત્ય સંગીતને જે વિકારો કરે પ્રગટ વહેતા;
ચાટુ ભાષા સુણો તુચ્છ કંકાસ ને કલહમાં જે સદા લોક વહતા. ૩
મન કહે એહથી પ્રગટ થાશે અહો ! તાહરી સર્વ પશુતા વિકારી;
નફ્ટ થઈ તૂં સદા પુદ્‌ગલાનંદમાં રમીશ ભૂલી રમા[1] આત્મકેરી. ૪
નાસિકા બોલતી ગંધ મધુ પુષ્પનો મસ્ત થઇ અત્તરો ચોળ અંગે;
પુષ્પની વાટિકા વન વિષે ભટક તૂં ઘેર પણ્યાંગના[2] ચાલ રંગે. ૫
મન કહે એ નશો સ્વાત્મ ભૂલાવશે મોહ મદિરા[3] ખરી મસ્ત કરતી;
તેહથી ભાન ભૂલાય છે નિજતણું આત્મલક્ષ્મી જુઓ જેહ હરતી. ૬
સ્વાદ પૂરો કરો પલપલે જીભનો જે સદા લાલચુ ચપલ રસના;
એક લીધા પછી અન્ય બહુ નવનવા અંત નહીં સ્વાદનો કોઇ એના. ૭
અમિત આરોગિયા સ્વાદુ ભોજન ભલા કોણ ગણના કરે સત્ય એની;
પર્વત પ્રાય ઢગલા ગળ્યા જીભથી એહની તૃપ્તિ કયાંથી થવાની ? ૮
મન કહે તપ કરું જીભ લવતી જુદું લોભનો થોભ કયાંથી થવાનો ?
વાસના જીભની રોકવી કીમ કહો માર્ગ સંસારને થંભવાનો. ૯
મૃદુ સુંવાળા અને કામપૂરક ઘણા સ્પર્શ માગે અહો તન અમારું;
અગ્નિમાં હવ્ય વધતા ન તે શાંતિને પામતો ભૂખ તેની વધારું. ૧૦
સ્પર્શસુખ અંતમાં કલેશ ને દુઃખ છે એહ સિદ્ધાંતને કેમ જાણું ?
મોહવશ માર્ગ સૂઝે નહીં મુક્તિનો કર્મવશ એહ સંસાર માનું. ૧૧
ઇંદ્રિયો બાંધતી વિવિધ વિષયો વિષે આત્મના શુદ્ધ માર્ગો ભુલાવે;
મુનિજનો આત્મલક્ષી થયા જે થકી માર્ગ બાલેન્દુને તેહ ભાવે. ૧૨

---

* લડાઇ. ૧ લક્ષ્મી. ૨ વેશ્યા. ૩ મોહરૂપી દારૂ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનાં પ્રાચીન ચૈત્યવંદનો.

વિવેચનકાર પં. મ. શ્રી રામવિજયજી ગણિવર્ય

(૪)

## ચતુર્થ ઉપાધ્યાય પદનું ચૈત્યવંદન.

**ધન્ય ધન્ય શ્રી ઉવજ્ઝાય શઠતાઘન ભંજન;**
**જિનવરદેશિત દુવાલસંગ કરકૃત જનરંજન. ૧**
**ગુણવણ ભંજન મત ગયંદ સુય શૃણિ કિય ગંજણ;**
**કુણાલંધ લોય લોયણે જથથય સુય અંજણ. ૨**
**મહાપ્રાણમેં જિણે લહ્યો એ આગમસેં પદ તુર્ય;**
**તીનપે અહનિશ હીરધર્મ વંદે પાઠકવર્ય. ૩**

**અર્થ**—ઉપાધ્યાય રાજને ધન્ય ધન્ય ! જેમણે શઠતારૂપ મેઘને વિખેરી નાંખ્યો–ગાળી નાંખ્યો. વળી જિનવરકથિત બાર અંગોરૂપી કિરણોવડે મનુષ્યોને આનંદ પમાડ્યો; ગુણરૂપ વનને તોડી નાંખનાર મદરૂપ હાથીને શ્રુતજ્ઞાનરૂપ અંકુશવડે વશ કર્યો; કુણાલ નામના અંધ રાજકુમારના લોચનો જેવા લોચનોવાળા મનુષ્યોને શ્રુતજ્ઞાનરૂપ અંજનવડે વિમલ દૃષ્ટિવાળા બનાવી દીધાં; મહાપ્રાણધ્યાનવડે ચોથું ઉપાધ્યાય પદ મેળવ્યું, તેથી ઉપાધ્યાયરૂપ પાઠકવર્યને હમેશાં હીરધર્મ નામના મુનિપુંગવ વંદન કરે છે.

**વિશેષાર્થ**–ઉપાધ્યાયરૂપ રાજને ધન્યવાદ હો ! કારણ કે આગમનું પઠન–પાઠન કરાવી જિનશાસનનું સામ્રાજ્ય પ્રવર્તાવે છે; પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જ્ઞાનરસિક આત્માઓને પ્રગતિ કરાવે છે; શઠતારૂપ વાદળાં વિખેરી નાંખે છે. શ્રી ગણધર મહારાજાએ સૂત્રરૂપે ગુંથેલા બાર અંગરૂપ કિરણોથી ભવ્ય જીવોને આનંદ પમાડે છે. બાર અંગોનાં નામો આ રીતે–(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) ઠાણાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી, (૬) જ્ઞાતાધર્મ કથા, (૭) ઉપાસકદશા, (૮) અંતગડદશા, (૯) અનુત્તરોપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાક, (૧૨) દૃષ્ટિવાદ. આગમનું જ્ઞાનરૂપી રાજ્ય ચલાવતા હોવાથી સાપેક્ષભાવે ઉપાધ્યાય મહારાજ એક રાજાની ઉપમા માટે સંપૂર્ણ રીતે યોગ્ય છે.

મૂલગુણ અને ઉત્તરગુણરૂપ વન (બગીચો) તેનું ભંજન કરવામાં જે આઠ મદરૂપ હાથીઓ તેને શ્રુતજ્ઞાનરૂપ 'શૃણિ' એટલે અંકુશવડે વશ કર્યા; તે મદ આઠ છે. વળી મેરુપર્વતની ચારે દિશા-વિદિશામાં શાશ્વતા આઠ હાથીના આકારવાળા પર્વતો જેને 'કરીકૂટ' કહે છે તે શાશ્વતા છે તેને ભૂમિકૂટ કહેવાય છે. 'કરી' શબ્દનો હાથી અર્થ થાય છે. ભાવથી આઠ કરીકૂટ–આઠ મદ જાણવા. જાતિ, કુલ, બળ, રૂપ, તપ, ઋદ્ધિ, વિદ્યા અને લાભ મદ એ આઠ મદોને ઉપાધ્યાય મહારાજે જીતી લીધા છે. વળી ઉપાધ્યાયજી શ્રુતજ્ઞાનરૂપ અંજનવડે ભાવચક્ષુ ખુલ્લી કરે છે; તે દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. અતિ પ્રસિદ્ધ ચંદ્રગુપ્તના રાજ્યની પરંપરામાં અશોક રાજા થયો. તેનો પુત્ર કુણાલ અંધ થયો હતો, તે કુણાલની જેમ મિથ્યાત્વથી અંધ થયેલા અજ્ઞાની પ્રાણીઓને ઉપાધ્યાયજી મહારાજ શ્રુતજ્ઞાનરૂપ અંજન આંજીને દેખતા કરે છે.

શ્રી ઉપાધ્યાયજી મહારાજે 'મહાપ્રાણ' નામનું ધ્યાન કર્યું. તે ધ્યાનના પ્રતાપે ચતુર્થ ઉપાધ્યાયપદ મેળવ્યું. પાઠકવર્ય શ્રી ઉપાધ્યાયજીને શ્રી હીરધર્મ મુનિ વંદન કરે છે.

### વિશેષ સૂચના

ઉપાધ્યાયજી મહારાજ આગમનું પઠન–પાઠન કરવું–કરાવવું એ જ મુખ્ય ધ્યેય સાચવે છે. તે માટે પં. શ્રી વીરવિજયજીકૃત તથા પં. શ્રી રૂપવિજયજીકૃત પીસ્તાલીશ આગમની પૂજા–સાર્થ વાંચવી. વળી પ્રાતઃસ્મરણીય પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના શિષ્ય આ. શ્રી વિજયપદ્મસૂરિજીએ પીસ્તાલીશ આગમની પૂજા–સાર્થ બનાવી છે તે વાંચવા ખાસ સૂચના છે. તેમણે વળી 'પ્રવચનકિરણાવલિ' નામનું પુસ્તક ઘણા વખતથી પ્રકાશિત કરેલું છે. તે પુસ્તકમાં પીસ્તાલીશ આગમનું રહસ્ય ગુર્જર ભાષામાં લખ્યું છે. તે વાંચવાથી ઉપાધ્યાયપદની એકાંત સુંદર આરાધના કરી અને કરાવી શકાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદયન અને વાસવદત્તા

મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી

નીતિથી રાજ્ય પાળતા સમકિતી શ્રેણિકથી, હાર–હાથી–અભય અને ચેલણાની પ્રદ્યોતથી થએલી માગણી ઇનકારતા તેણે (ચંડપ્રદ્યોત) ઉજ્જયિનીથી ૧૪ મુકુટબદ્ધ રાજા સાથે રાજગૃહીને ઘેરો ઘાલવા પ્રયાણ કર્યું. તેને કઇ રીતે હરાવવો તેની શ્રેણિકને ચિંતા થતા અભયકુમાર તરફ દૃષ્ટિ કરતાં તેણે જણાવ્યું: પ્રદ્યોત ભલે આવે અને મારા યુદ્ધનો અતિથિ થાય, બુદ્ધિથી તેને પરાસ્ત કરી શકાશે તો શસ્ત્રાશસ્ત્રની કથા સાથે મારી બુદ્ધિ યોજીશ. **બુદ્ધિ વિજયમાં કામધેનુ છે.** રિપુસૈન્યને ઉતરવા જેવી ભૂમિમાં અભયે સોનૈયા દાટ્યા. એટલામાં સૈન્યે રાજગૃહીને ઘેરી લીધું. ચાટુ મધુર વાણીનિપુણ ચર દ્વારા નીચેનો લેખ મોકલાવ્યો, જેમાં લખેલ કે 'શિવાદેવી અને ચેલણા મારે સમાન છે, તેથી શિવાદેવી માસી માતા તુલ્ય હોવાથી તેના સંબંધથી તમે મારે માન્ય છો તેથી આપના હિતાર્થે વિદિત કરવા જેવું છે કે–આપની સાથેના રાજાઓને શ્રેણિકે લાંચથી ફોડ્યા છે, તેથી આપ મુશીબતમાં (વિપત્તિમાં) એમના વિશ્વાસથી પડશો. તેઓના તંબુની જમીન (સોનૈયા દાટેલ) ખોદાવવાથી ખાત્રી થશે.

એક રાજાના આવાસ નીચે ખોદાવતા સોનૈયા નીકળ્યા, તેથી પ્રદ્યોત એકદમ પડાવ ઉઠાવી ઉજ્જયિની તરફ ભાગ્યો, સૈન્ય ક્ષોભ પામી ગયું. શ્રેણિકે હાથી–ઘોડા વિગેરે લેવાય તેટલું લઇ લીધું. અન્ય રાજાઓ પણ નાઠા. પહોંચ્યા પછી પ્રદ્યોતને રાજાઓના સોગનપૂર્વક કહેવાથી સમજાયું કે–એ અભયની માયા હતી. તે જાણી પ્રદ્યોતે અભયને બાંધી લાવવાની જાહેરાત કરી, જે વેશ્યાએ સ્વીકારી. તેણે રાજા પાસેથી બે યુવતીઓ મેળવી. તે અને પોતે સાધ્વીની ઉપાસના કરી ઉગ્ર બુદ્ધિવાળી અને બહુશ્રુત થઇ. ત્રણ જગતને છેતરવાની માયાની ત્રણ મૂર્તિ હોય તેવી તે ત્રણે રાજગૃહી આવી, બાહ્ય ઉદ્યાનમાં ઉતારો કરી, શહેરમાં મંદિરે આવી, પ્રભુની પૂજા કરી, માલકોશ વિગેરે રાગરાગણીમાં સ્તુતિ કરવા માંડી. તેવામાં દેવદર્શન કરવા અભયકુમાર ત્યાં આવ્યો. તેણે તેઓને દેવભક્તિમાં વિઘ્ન ન થાય તે માટે રંગમંડપમાં પ્રવેશ ન કરતા બહાર સ્થિરતા કરી. જ્યારે તેઓ ઉભી થઇ ત્યારે અંદર આવ્યો, અને તેમની સુંદર ભાવના, સુંદર વેષ અને ઉપશમભાવ જોઇ પ્રશંસા કરી આનંદપૂર્વક બોલ્યો: ભદ્રે! સારા ભાગ્યે મને તમારા જેવા સાધર્મિકનો યોગ થયો છે, વિવેકીને સાધર્મી જેવો કોઇ બંધુ નથી. તમે કોણ છો? કેમ અહીં પધારવું થયું છે?

તે કપટ શ્રાવિકા બોલી: "ઉજ્જયિનીના શ્રીમંતની હું વિવાહિત થયેલી વિધવા સ્ત્રી છું. આ બે મારી પુત્રવધૂ છે જે વિધવા થવાથી નિરતેજ થએલ છે. વિધવા થતાં જ સંયમ માટે તેમણે રજા માગી, કારણ વિધવા થએલ સતીઓનું શરણ વ્રત જ છે. મેં કહ્યું: વૃદ્ધ થએલ હું પણ દીક્ષા ગ્રહીશ. પણ હાલ તો તીર્થયાત્રા દ્વારા ગૃહસ્થપણાનું ફલ પ્રાપ્ત કરીએ. કારણ પછી તો ભાવપૂજા થાય છે. તેથી બન્ને પુત્રવધૂઓ સાથે યાત્રાએ નીકળી છું." અભયે કહ્યું: "તમે મારા અતિથિ થાઓ. સાધર્મીઓનું આતિથ્ય તીર્થથી પણ અતિપવિત્ર છે." તે બોલી: "તમે યુક્ત કહો છો પણ આજે અમે તીર્થોપવાસ કર્યો છે, તેથી તમારા અતિથિ શી રીતે થઇએ?" આવી નિષ્ઠાથી ખુશ થતા અભયે કહ્યું, "તો કાલે પ્રાતઃકાળે મારે ઘેર પધારશો." તે બોલી કે 'એક ક્ષણમાં પણ પ્રાણી પોતાનો જન્મ પૂર્ણ કરે છે, તો 'હું કાલે આમ કરીશ, એમ વિવેકી કેમ બોલે?' "ઠીક કાલે હું આમંત્રણ કરીશ" એમ ચિંતવી અભય તેમને વિદાય કરી, ચૈત્યવંદના કરી પોતાને ઘેર ગયો

બીજા દિવસે નિમંત્રી, ગૃહચૈત્યની વંદના કરાવી ભોજન કરાવી ઘણું વસ્ત્ર વિગેરે આપ્યું. બીજે દિવસે તે કપટ શ્રાવિકાએ અભયકુમારને નિમંત્રી જમાડ્યો. ચંદ્રહાસ સુરામિશ્રિત જલપાન કરાવ્યું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી નિદ્રામાં પડતા રથદ્વારા તેને ઉજ્જયિની પહોંચાડયો. અભયની શ્રેણિકે તપાસ કરાવી. કપટી શ્રાવિકા પાસે જઇ પૂછયું 'અહીં અભયકુમાર આવ્યા હતા ?' તેણે જણાવ્યું: આવ્યા હતા પણ તે તત્કાળ પાછા ચાલ્યા ગયા છે. પછી કપટી શ્રાવિકાએ અવંતી આવી પ્રદ્યોતને અભયકુમાર સોંપ્યો. કરેલ ઉપાય જણાવતા તેણે કહ્યું: આ રીતે લાવી તે ઠીક કર્યું નહિં. પછી રાજાએ અભયકુમારને કહ્યું તારા જેવા નીતિજ્ઞને પણ શુક બીલાડી પકડી લાવે તેમ આ સ્ત્રી પકડી લાવી. અભયે કહ્યું, તમે જ દુનિયામાં બુદ્ધિવાન છો કે જેની આવી બુદ્ધિથી રાજ ધર્મ વૃદ્ધિ પામે છે. તે સાંભળતા રાજા શરમાયો તેમજ કોપાયમાન થયો, તેથી તેણે અભયને પાંજરામાં પૂર્યો.

પ્રદ્યોતરાજાના રાજ્યમાં અગ્નિભીરુ રથ, શિવાદેવી રાણી, અનલગિરિ હાથી અને લોહજંઘ નામે દૂત એ ચાર રત્નો હતા. લોહજંઘથી ભરુચના લોકો કંટાળ્યા તેથી તેને મારી નાખવા ભાતામાં વિષમિશ્રિત લાડુ મૂકયા, ને સારા હતા તે લઇ લીધા. તે ભાતું લઇ લોહજંઘ અવંતી તરફ ચાલતા નદીના કાંઠે ખાવા બેઠો, પણ અપશુકન થવાથી ભય પામી દૂર જઈ ખાવા બેઠો, ત્યાં પણ તેમ થવાથી ફરી દૂર ગયો. ત્યાં પણ તેમ થતા ખાધા વિના અવંતીએ આવી રાજાને વાત જણાવી. અભયને પૂછતાં ભાતાની કોથળી મંગાવી સુંઘીને કહ્યું કે–આમાં તેવા પ્રકારના દ્રવ્યસંયોગથી દષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થયો છે. કોથળી છોડી હોત તો દૂત દગ્ધ થઇ જાત. હવે આને અરણ્યમાં દાટી આવો. તે પ્રમાણે કરાવતાં તેની દષ્ટિથી ત્યાંના વૃક્ષો દગ્ધ થઇ ગયા અને તે મૃત્યુ પામી ગયો. આમ લોહજંઘને બચાવતા સ્વમુકિત સિવાયનું મળેલ વરદાન રાજા પાસે થાપણ તરીકે રખાવ્યું.

રાજાને અંગારવતી રાણીથી **વાસવદત્તા** નામે એક પુત્રી થઈ હતી, જે સર્વ કળા શીખી હતી, પણ યોગ્ય ગુરુના અભાવે ગંધર્વવેદ શીખવો બાકી રહેલ. તે માટે મંત્રીએ જણાવ્યું 'જાણે તુંબરુ ગાંધર્વની બીજી મૂર્તિ હોય તેવો **ઉદયન** નામે રાજા છે. તેની પાસે અતિશયવાળી ગાંધર્વ કળા સંભળાય છે. અને ગીતવડે વનમાં ગજેંદ્રોને પણ બાંધી લે છે. તેને બાંધી લાવવાનો ઉપાય છે. સાચો હાથી હોય તેવો કાષ્ઠનો હાથી બનાવો. તેમાં એવો યંત્રપ્રયોગ કરવો કે જેથી તે ગતિ અને આસન વિગેરે ક્રિયાઓ કરે. કાષ્ઠ ગજની અંદર શસ્ત્રધારી પુરુષો રહે અને તેને યંત્રથી ચલાવે. પછી તે હાથીને જોઇને ઉદયન પકડવા આવે એટલે તેને બાંધીને અંદરના પુરૂષો અહીં લાવે. કબજામાં આવેલ ઉદયન વાસવદત્તાને ગાંધર્વ વિદ્યા શીખવશે.' રાજાને તે વાત ગમી. સાક્ષાત્ સાચા હાથી જેવો કાષ્ઠનો હાથી કરાવ્યો, જેને દંતઘાત, સુંઢનો ઉત્ક્ષેપ, ગર્જના અને ગતિ વિગેરેથી ભિલ્લોએ કૃત્રિમ હાથી જાણ્યો નહિ. તેથી તેઓએ તે હાથીની ખબર ઉદયન રાજાને આપી. રાજા બાંધવા વનમાં આવ્યો. એકલો વનમાં દૂર સુધી ગયો. તે હાથી પાસે આવી ઊંચે સ્વરે ગાવા લાગ્યો. જેમ જેમ ઉદયન સુધાસ્વાદિષ્ટ સંગીત કરવા લાગ્યો તેમ તેમ હાથીની અંદર રહેલ પુરુષો તે કૃત્રિમ હાથીના અંગને સ્તબ્ધ કરવા લાગ્યા. રાજા હાથીને સંગીતથી મોહિત થએલ જાણી ધીમે ધીમે તેની પાસે આવી તેની ઉપર ચડી બેઠો. પ્રદ્યોતના માણસોએ હાથીના ઉદરમાંથી બહાર નીકળી ઉદયનને બાંધી લઇ રાજાને સોંપ્યો. રાજાએ કહ્યું " મારી એક આંખવાળી પુત્રીને ગંધર્વ કળા શીખવો. અભ્યાસ કરાવવાથી મારા ઘરમાં સુખે રહી શકશો; નહિ તો બંધનમાં આવવાથી તમારું જીવન મારે આધીન છે." સમય ઓળખી આજ્ઞા કબુલ કરી. રાજાએ કહ્યું: મારી કાણી પુત્રીને કદિ જોવી નહિ. જોશો તો લજ્જા પામશે. એમ કહી પુત્રી પાસે જઇ કહ્યું: ગાંધર્વ વિદ્યાના તારા ગુરુ આવ્યા છે, પણ તે કુષ્ઠી છે માટે તારે તેને પ્રત્યક્ષ જોવો નહિ." કન્યાએ તે વાત સ્વીકારી.

ઉદયને ગાંધર્વવિદ્યા શીખવવા માંડી. પ્રદ્યોતે બન્નેને ઠગેલ હોવાથી તેઓ એક બીજા સામું જોતા નથી. એકદા 'હું આને જોઉં તો ઠીક' એમ વાસવદત્તાના મનમાં આવ્યું. જેથી તે ભણવામાં શૂન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનવાળી થઇ ગઇ. તેથી કહ્યું. ' અરે કાણી, શીખવામાં ધ્યાન કેમ આપતી નથી ?' આથી કોપ પામી તેણે કહ્યું ' તું જાતે કુષ્ટી છે તે જોતો નથી અને મને મિથ્યા કાણી કહે છે !' ઉદયને વિચાર્યું: જેવો હું કુષ્ટી છું તેવી જ આ કાણી હશે અર્થાત્ બન્ને વાત ખોટી જણાય છે, માટે અવશ્ય તેને જોઉં એવો વિચાર કરી ચતુર ઉદયને તરત જ મધ્યનો વસ્ત્રનો પડદો દૂર કર્યો. એટલે ચંદ્રલેખા જેવી વાસવદત્તા જોઇ અને વાસવદત્તાએ સાક્ષાત્ કામદેવ જેવા ઉદયનને જોયો. બન્નેને અનુરાગ થયો. કુમારી બોલી, ' હે સુંદર ! મને ધિક્કાર છે કે મારા પિતાએ છેતરવાથી તમને આજ સુધી જોયા નહિ. મારામાં સંક્રમિત કરેલ કળા તમારા ઉપયોગમાં જ આવો.' ઉદયને કહ્યું ' તારા પિતાએ મને પણ તને જોવાથી નિવાર્યો અને આજ દિન સુધી છેતર્યો. હાલ તો અહીં રહેતાં આપણો યોગ થાવ. પછી સમય આવતાં હું તને હરી જઇશ.' પછી શરીરસંયોગ થયો. વાસવદત્તાની વિશ્વાસપાત્ર કાંચનમાળા નામની દાસી ફક્ત બન્નેનું ચરિત્ર જાણતી હતી. કોઇએ આ જાણ્યું નહિ અને કેટલોક વખત પસાર થયો.

એક વખત અનલગિરિ હાથી બંધનસ્થાન તોડી મહાવતને પાડી છૂટો થઇ ગયો. કોઈ વશ કરી શકતું નથી. અભયને પૂછતાં ઉદયન પાસે ગાયન કરાવવા કહ્યું. ઉદયને વાસવદત્તા સાથે હાથી પાસે જઇ ગાયન કર્યું. હાથી સ્તબ્ધ થતાં બાંધી લીધો. અભયને બીજું વરદાન મળ્યું, જે રાજા પાસે જ રાખ્યું.

પ્રસંગે પ્રદ્યોતરાજા અંતઃપુર સહિત નગરજન સાથે ઉદ્યાનમાં ગએલ. ત્યાં યોગંધરાયણ નામે ઉદયનનો મંત્રી તેને છોડાવવાનો ઉપાય ચિંતવતો માર્ગમાં ફરતો હતો. તેને આજ ઉપાય મળી જવાથી તે સ્વબુદ્ધિવૈભવ ન ટકાવી શકતા બોલી ઊઠ્યો: ' વિશાળ લોચનવાળી સ્ત્રીને મારા રાજા માટે જો હું ન હરી જઉં તો મારું નામ યોગંધરાયણ નહિ.' આ સાંભળી કુપિત થએલા રાજાને જોઇ તેના સકંજામાંથી છૂટવા ભૂત વળગ્યું છે એવો દેખાવ કર્યો. પોતીયું કાઢી નાખી માથા પર મૂકી, પ્રેત જેવો બની મૂત્રોત્સર્ગ કર્યો. ' આ કોઇ પિશાચક છે ' એમ ધારી રાજાએ કોપનિગ્રહ કરી હાથી આગળ ચલાવ્યો. ઉદ્યાનમાં જઇ ઉન્મત્ત હાથીને ઉત્તેજિત કરવા ગાંધર્વગોષ્ઠી શરૂ કરી. વાસવદત્તા અને ઉદયનને ત્યાં બોલાવ્યા. ઉદયને વાસવદત્તાને વેગવતી હાથિણી ઉપર બેસીને નાશી જવાનો વખત મલ્યાનું જણાવ્યું. તેણીએ હાથિણી તૈયાર( સજ્જ ) કરાવી. તંગ બાંધતા ગર્જના કરી તેથી અંધ જોશીએ જણાવ્યું કે–તે સો યોજન જઇ પોતાનો પ્રાણત્યાગ કરશે. ઉદયને મૂત્રના ૪ ઘડા તેના પડખે બાંધ્યા. પછી ઉદયન, ઘોષવતી, વાસવદત્તા, કાંચનમાળા અને વસંત મહાવત હાથિણી ઉપર આરૂઢ થયા. યોગંધરાયણે આવી ચાલી જવા સંજ્ઞા કરી અને ચાલતા ચાલતા બોલ્યો કે–આ વાસવદત્તાદિ પાંચ હાથિણી ઉપર ચાલ્યા જાય છે. તે જાણી અનલગિરિ હાથી સજ્જ કરાવી મહાયોદ્ધાઓ પકડી લાવવા મોકલ્યા. ૨૫ માઇલ આવી પહોંચી મૂત્રનો ઘડો છાંટી હાથીને કંઇ અટકાવ્યો. એમ ચાર વખત કરી કૌશામ્બીએ ઉદયન પહોંચી ગયો અને લડવા તૈયાર થઇ ગયો. પ્રદ્યોતના યોદ્ધાઓ ચાલ્યા ગયા. પ્રદ્યોતે યુદ્ધની તૈયારી કરતાં મંત્રીઓએ યુક્તિથી સમજાવી નીવાર્યો અને કહ્યું કે ' આના જેવો કે અધિક બીજો કોણ મળશે ? તેને જમાઇ માનો. તેણે તેનું કૌમાર્યપણું હર્યું છે.' રાજાએ હર્ષથી તેમ માની જમાઇ યોગ્ય વસ્તુ મોકલી.

પ્રસંગે ઉજ્જયિનીમાં આગ લાગી. શાંતિનો ઉપાય પૂછતાં અભયે બીજે ઠેકાણે અગ્નિ સળગાવરાવી શાંતિ કરાવી. ત્રીજું વરદાન મેળવી સ્થાપ્યું. મરકી ચાલતા શાંતિ માટે અભયે જણાવ્યું, વિભૂષિત થએલ તમારી રાણીમાંથી જે તમને દૃષ્ટિથી જીતે તેનું નામ આપજો. શિવાદેવીએ જીતી લીધો એમ કહ્યું એટલે અભયે કહ્યું " તેણીના હાથે કૂરનું બલિદાન આપી ભૂતોની પૂજા કરાવો. શિયાળ રૂપે સામે આવતા ભૂતના મુખમાં દેવીથી પોતાના હાથે બલિદાન અપાવો. " તેમ કરતાં શાંતિ થતાં ચોથું વરદાન પ્રાપ્ત કર્યું.

આ વખતે ચારે વરદાન અભયે માંગ્યા કે તમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનલગિરિ હાથી ઉપર માવત થઇ બેસો અને હું શિવાદેવીના ખોળામાં પાછળ બેસું. પછી અગ્નિભીરૂ રથને ભાંગી તેના કાષ્ઠની ચિતામાં પ્રવેશ કરીએ. અભયે માગેલા વરદાન આપવાને અસમર્થ પ્રદ્યોત રાજાએ ખેદ પામી હાથ જોડી તેને છોડી મૂક્યો.

રાજગૃહીએ જતાં અભયે પ્રતિજ્ઞા કરી કે 'તમે મને છળથી પકડાવેલ પણ હું તો તમને ધોળે દિવસે નગરની વચમાંથી 'હું રાજા છું' એમ પોકાર કરતાં હરી જઇશ.

અન્યદા અભય વણિકવેષ લઇ બે વેશ્યાની પુત્રીઓ સાથે રાખી અવંતીમાં આવી રાજમાર્ગ ઉપર ઘર રાખી રહ્યો. પ્રસંગે પ્રદ્યોતે તે બે રમણીઓ જોઇ. બન્નેને અનુરાગ થયો. બીજે દિવસે દૂતી મોકલી વિનંતિ કરાવી પણ તેમણે રોષથી તિરસ્કાર કર્યો. બીજે દિવસે પણ તેમ જ થયું. ત્રીજે દિવસે પણ પ્રાર્થના કરાવી પણ રોષ ઓછો ઓછો કરી કહ્યુંઃ અમારો સદાચારી ભ્રાતા અમારું રક્ષણ કરે છે. પણ આજથી સાતમે દિવસે બહાર જનાર છે ત્યારે રાજા અહીં આવે જેથી અમારો યોગ થશે.

અભયકુમારે પ્રદ્યોતરાજા જેવા એક પોતાના માણસને કૃત્રિમ ગાંડો કરી રાખ્યો અને તેનું નામ પણ પ્રદ્યોત પાડયું. અભયકુમાર લોકમાં વારંવાર તેને માટે કહેતો કે—આ મારો ભાઇ ગાંડો થઇ ગયો છે. તે જેમ તેમ ભમે છે. મારે તેને મુશ્કેલીએ જાળવવો પડે છે. શું કરવું ? કંઇ સૂઝતું નથી. અભયકુમાર પ્રતિદિન વૈદ્યને ઘેર લઇ જવાના બહાને આર્તની જેમ માંચા ઉપર નાખી બાંધીને રસ્તા વચ્ચેથી લઈ જતો હતો. તે વખતે પોકાર કરતો તે ગાંડો ઉન્મત્ત થઇ ઊંચે સ્વરે આંખમાં આંસુ લાવી કહેતો કે "હું પ્રદ્યોત છું. મને આ હરી જાય છે." સાતમે દિવસે પ્રદ્યોત રાજા ગુપ્તપણે અભયકુમારને ઉતારે આવ્યો. તત્કાળ અભયકુમારના સુભટોએ હાથીની જેમ તે કામાંધને બાંધી લીધો. પછી અભયે આને વૈદ્યને ઘેર લઇ જઇએ છીએ એમ કહી તે પોકારતો રહ્યો અને ધોળે દિવસે શહેરની વચ્ચે થઇને તેને ઉપાડ્યો. એકેક કોશ ઉપર સજ્જ રાખેલા સારા અશ્વવાળા રથદ્વારા નિર્ભય અભયકુમારે તેને રાજગૃહી નગરીએ એકદમ પહોંચાડી દીધો, અને રાજા શ્રેણિક પાસે લઇ ગયો, જે ખડ્ગ ખેંચી મારવા દોડ્યો પણ અભયકુમારે તેમને સમજાવ્યા એટલે શાંત થયા અને વસ્ત્રાભરણથી સન્માની આનંદથી વિદાય કર્યો.

પ્રદ્યોતને કૌશામ્બીના રાજા શતાનિક ઉપર દૂત મોકલી તેની રૂપરૂપની અંબાર, લાવણ્યથી ભરપૂર શીલવતી અને ગુણવતી રાણી, ઉદયનની માતા, જે ચેટક મહારાજાની મૃગાવતી પુત્રી તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તેની, પોતે તેનો બનેવી થવા છતાં અને તે પુત્રવતી છતાં માંગણી કરી. જેમાં કાંઇ વ્યાજબીપણું ન છતાં પણ બુદ્ધિનિધાન નીતિસંપન્ન ચૌદ મુકુટબદ્ધ રાજાઓ તેની મદદે ચડ્યા. સ્ત્રીલંપટ ચંડપ્રદ્યોતનને તો **येन केन उपायेन** મૃગાવતીને શીલભ્રષ્ટ કરવાનો ઇરાદો હતો. શતાનિક રાજાની નિર્બળતાને ખ્યાલમાં લાવી, ભોગાસક્તિની પ્રબળતાથી પ્રદ્યોતના આક્રમણને નિવારવાને અશક્ત શતાનિક છાતી ફાટી જતાં મૃત્યુ પામ્યો. શીલની રક્ષા કરવાના ઇરાદે આ વિષમ પ્રસંગે કપટથી વશવર્તિપણું જણાવી નગરીના રક્ષણ માટે કોટ આદિ કરાવી, સામર્થ્ય પ્રાપ્ત કરી, સામી થઇ. મહાવીર પ્રભુ ત્યાં પધારતા પ્રદ્યોતની રજા મેળવી દીક્ષિત બની.

**માનવજીવનમાં જન્મીને માનવતા મેળવી ચૂકેલા જ સાચા માનવો છે. બાકી માનવના આકારમાં રહેલા, માનવતાને ગુમાવી બેઠેલા માનવો પશુ જેવા કે શેતાન જેવા કેમ ન ગણાય? કવિઓ તો પૂછડા અને શીંગડા વગરનાં જાનવરોની ઉપમા દાન–જ્ઞાન–ધ્યાન–સદાચાર–વિનય–વિવેક વગરના માનવોને જ આપે છે. પણ પશુઓ મનુષ્યની અનુપકારીતાના કારણે તેને પોતાની સાથેની સરખામણીનો ઇનકાર કરે છે. સાચા માનવ બનવાના સાધનો, સાચા માનવતાના ચિન્હો, વાણી વર્તન અને અભ્યંતર દશા વિગેરે**

For Private And Personal Use Only

# લોકપ્રિય થવાની કળા

**વિઠલદાસ મૂ. શાહ**

( ગતાંકથી ચાલુ )

કોઈ પણ મનુષ્ય વિષે જે સારા અથવા ખરાબ વિચારો પ્રથમથી બંધાઈ ગયા હોય છે તે બદલવાનું કાર્ય અત્યંત કઠિન છે. આપણે કોઈને પ્રથમ વખત મળીએ છીએ ત્યારે કેટલી ત્વરાથી મન પોતાનું કાર્ય કરે છે તે આપણે સમજી શકતા નથી. આપણા નેત્રો અને કર્ણ આસપાસનું બધું જોવામાં અને સાંભળવામાં ગુંથાય છે; ત્યારે આપણું મન વિચારનાં ત્રાજવા ઉપર તે માણસની તુલના કરવામાં પ્રવૃત્ત બને છે. મન ઘણી જ ત્વરાથી પ્રત્યેક શબ્દ, પ્રત્યેક ક્રિયા અને પ્રત્યેક રીતભાતને ગ્રહણ કરી લે છે, અને આપણો અંતિમ વિચાર ત્વરાથી બંધાય છે. એટલું જ નહિ પણ એવો મજબૂત બંધાય છે કે તે પુરુષના પ્રથમ ચિત્રને સર્વથા વિસરી જવાનું ઘણું જ મુશ્કેલ અને લગભગ અસંભવિત થઈ પડે છે, બેદરકાર અને ચાતુર્ય રહિત લોકો પોતે જે છાપ પહેલી બેસાડે છે તે લુપ્ત કરવા માટે યત્ન કરવામાં પોતાના સમયનો મોટો ભાગ ગાળે છે. તેઓ નમ્રતાપૂર્વક ક્ષમા યાચે છે અને દરેક બાબતનું સ્પષ્ટીકરણ કરે છે, પરંતુ તે ક્ષમા અને સ્પષ્ટીકરણથી જોઈએ તેવી મહાન થતી નથી; કેમકે તે અસર પ્રથમ બેસાડેલી છાપના સખત અને સચોટ ચિત્ર કરતાં એટલે બધે અંશે નબળી હોય છે, કેટલાંક યત્નો કરવા છતાં તે છાપ ભૂંસાતી નથી, તેથી અભ્યુદયની ઇચ્છા રાખનાર દરેક યુવકે બીજાના મન ઉપર પોતે જે છાપ પાડે છે તેની અત્યંત સંભાળ રાખવાની ખાસ આવશ્યકતા છે; કારણ કે પ્રથમ પાડેલી ખરાબ છાપથી જીવનના આરંભકાળમાં જ અપયશ અને નિંદાને પાત્ર થવાનો સંપૂર્ણ સંભવ છે. જો તમે બીજાના મન ઉપર એવી છાપ પાડશો કે તમે એક મનુષ્ય છો, તમારું મનુષ્યત્વ અન્ય સર્વ વસ્તુઓથી ઉત્કૃષ્ટ છે, તમારી પ્રમાણિકતા, સત્યનિષ્ઠા અને ઉદારતા તમારા બીજા સઘળા ગુણો કરતાં અધિક પ્રાધાન્ય અને ઉચ્ચાવહ પદ ભોગવે છે અને તમે જે કાંઈ બહાર દર્શાવો છો તેની પાછળ જો લોકો ખરેખરો મનુષ્ય જોઈ શકે છે તો તમે જગતના વિશ્વાસપાત્ર અને પ્રેમપાત્ર બનશો જ એ વાત નિર્વિવાદ છે.

હું એક વ્યક્તિ જાણું છું,–એ પ્રકારના બીજા હજારો હશે. તે શા કારણથી લોકો તેનાથી દૂર રહે છે તે સમજી શકતો નથી. તે કોઈ સામાજિક સંમેલન અથવા મેળાવડામાં જાય છે તો તે બેઠો હોય છે તે સ્થળેથી દરેક માણસ દૂર ચાલ્યો જાય છે. જ્યારે બીજા લોકો પ્રકીર્ણ વાર્તાવિનોદથી અથવા હસાહસથી આનંદ કરતા હોય છે ત્યારે તે પોતે એક ખૂણામાં મૌનભાવ ધારણ કરી એકલો બેસી રહે છે. જો દૈવયોગે કોઈ અકસ્માતથી તે

---

**શાસ્ત્રોમાં જણાવી છે. જ્યારે આસ્તિકતા આદિ ગુણો પ્રકટવાથી માનવ સાચો માણસ બને છે ત્યારે તે શત્રુને પણ અગરબત્તી–કસ્તુરી કે સુખડની જેમ સુગંધ આપે છે.**

**જડ એવા આ દુનિયાના પદાર્થો આત્માના એકાંત અહિતકારી છે તે મૂઢ બુદ્ધિવાળાને સુખના સાધનો લાગે છે, જ્યારે તત્ત્વજ્ઞાનીઓ તો તેમને વાસ્તવિક દુઃખના સાધનો જ ગણે છે. આ પદાર્થો આપણા ગળામાં જન્મમરણના કારમા ફાંસા ઘાલતા અજ્ઞાનના કારણે ઓળખાતા નથી.**

**સંસારબાજી–ઠગબાજી સમજવા અને દુર્જનતાના નિરસન માટે આ ખરેખર મનનીય પ્રસંગો છે.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકર્ષણના મધ્ય કેન્દ્રમાં પહોંચે છે તો એક પ્રકારનું મધ્યકેન્દ્ર ત્યાગી બળ તેના પર સત્તા ચલાવે છે, અને તેને તેના એકાંત ખૂણામાં પુનઃ ઘસડી જાય છે. તેને કવચિત્ કોઇ સ્થળે આમંત્રણ કરવામાં આવે છે. તે સમાજમાં કે મેળાવડામાં ઠંડા બરફના કટકા જેવો જ લાગે છે. તેનામાં કશી ઉષ્ણતા હોતી નથી. તેમજ તે લેશમાત્ર આકર્ષણ શક્તિ ધરાવતો નથી. આ માણસની અપ્રિયતાનું કારણ તેને પોતાને અગમ્ય-અગોચર છે. તે એક મહાન શક્તિ ધરાવનાર પુરુષ છે, જબરો કાર્ય કરનાર છે અને જ્યારે તેનું દૈનિક કાર્ય પૂર્ણ થાય છે ત્યારે આરામ લેવાની અને અન્ય માણસોની સાથે સંમિલિત થઇ તેઓના સમાગમનો લાભ લેવાની ઇચ્છા રાખે છે; પરંતુ જે આનંદ અને આરામની તેને ઉત્કંઠા છે તે પ્રાપ્ત કરવા તે અસમર્થ બને છે. બીજા લોકો પોતાને તજી દે છે, પોતાથી અલગ રહે છે તે જોઇને તેને અતિશય દુઃખ થાય છે. પોતાની શક્તિનો દશાંશ પણ નહિ ધરાવનારા લોકો જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે તે તેને ખેદનો વિષય થઇ પડે છે. તેને વિચાર પણ આવતો નથી કે કેવળ સ્વાર્થ-પરાયણતા જ લોકપ્રિય થવામાં મુખ્યત્વે કરીને આડે આવે છે–તે નિરંતર પોતાની જાતનો જ વિચાર કરે છે. બીજાને સહાયભૂત થવા ખાતર અને તેઓના કાર્યમાં રસ લેવા ખાતર પોતાની જાતને અને પોતાના ધંધાને તે એક ક્ષણ પણ વિસારી શકતો નથી; જ્યારે જ્યારે તમે તેની સાથે વાતમાં જોડાશો ત્યારે ત્યારે હરવખત તે પોતાના વેપારની વાત તરફ તમને ખેંચી જવાને યત્ન કરતો માલૂમ પડશે. લોકપ્રિય થવામાં તેને અંતરાયરૂપ થનાર બીજી બાબત એ છે કે તે આકર્ષણનું રહસ્ય જાણતો નથી. પ્રત્યેક વ્યક્તિ એક લોહચુંબક છે તે વાત તેના જાણવામાં નથી. જે માણસ અહોનિશ પોતાની જાતનો જ વિચાર કરે છે તે એક પ્રકારનું આત્મ–લોહચુંબક બને છે, જેથી તે પોતાના સિવાય બીજા કોઇને પોતાની તરફ આકર્ષી શકતો નથી. ઘણા મનુષ્યો દ્રવ્ય–લોહચુંબક બને છે–તેઓ દ્રવ્ય સંબંધી વિચારો એટલા બધા લાંબા સમય સુધી કરે છે કે તેઓ દ્રવ્ય સિવાય બીજી કોઇ પણ વસ્તુને પોતાની તરફ આકર્ષી શકતા નથી. કેટલાક મનુષ્યો અનીતિવાન, અધર્મી અથવા વિષયી હોય છે તેનું કારણ એ છે કે તેઓએ પોતાની જાતને અનીતિ, અધર્મ અથવા વિષયવાસનાના લોહ-ચુંબક બનાવ્યા હોય છે.

બીજી બાજુએ જોઇએ તો ચિત્તની અને ચારિ-ત્ર્યની એટલી બધી ચારુતા ધરાવનાર પુરુષો અને સ્ત્રીઓ હોય છે કે જે કોઇ તેમના સમાગમમાં આવે છે તેઓનાં હૃદયમાં તે સહુની સાથે નિકટ સંબંધ હોય એવી લાગણી અને ઊર્મિ ઉદ્ભવે છે. આસપાસના સર્વ લોકો તેમને અંતઃકરણપૂર્વક ચાહે છે અને એક અવાજે તેઓની પ્રશંસા કરે છે. આવા ઉદાત્ત અને વિશાળ હૃદયવાળા સ્ત્રી પુરુષોને માટે સૌ કોઇના હૃદયમાં પ્રેમ અને માનની લાગણી ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. તેઓ સૌના ઉપર સમાન પ્રેમપૂર્ણ દૃષ્ટિ રાખે છે. તેમાં એક પ્રકારના લોહચુંબક છે કે જે સર્વ કોટિના લોકોને આકર્ષી શકે છે. તેઓ સૌને પોતાના જાણી આકર્ષવાને પૂરતા વિશાળ અને વિસ્તૃત છે. તેઓ તે સર્વમાં રસ લે છે, સર્વ પ્રકારનાં કાર્યોમાં આનંદથી ભાગ લે છે; ટૂંકામાં તેઓ પ્રત્યેક માટે લાગણીવાળા હોય છે.

અનુકૂળ પરિસ્થિતિમાં સ્વભાવતઃ આપણે કોઇ મનુષ્યના પ્રધાન ગુણોની અને તેની આસપાસની સર્વ હકીકતની તુલના કરીએ છીએ. આપણે તેના મુખ્ય ગુણો જોઈ શકીએ છીએ, તેમજ તે ઉચ્ચ યા નીચ કોટિનો છે તે તરત જ જાણી શકીએ છીએ. વળી તેના ઉપર અન્ય માણસો પ્રેમ રાખે છે અને તેના તરફ આકર્ષાય છે કે તેનાથી દૂર જાય છે તે પણ આપણા જાણવામાં તરત જ આવે છે.

જ્યાં સુધી માણસ કેવળ સ્વાર્થપરાયણ અને પોતાની જાતના વિચારો કર્યા કરે છે ત્યાં સુધી તે બીજાઓ માટે આકર્ષણ બળ ધરાવે તે અસંભવિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સૌ કોઇ તેને તજી દેશે અને કોઇ તેના તરફ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી જોશે નહિ, કોઇ તેને સ્વેચ્છાથી શોધશે નહિ અને તે પોતાને જે પ્રકારનું લોહચુંબક બનાવે તેના પર સર્વ વાતનો આધાર રહે છે. જે ક્ષણે તે બીજાને માટે માન અને પ્રેમની લાગણી અને બીજાના કાર્યમાં રસ બતાવવાનો આરંભ કરશે કે તે જ ક્ષણે તે આકર્ષણ બળના ગુણોથી સંપન્ન થશે અને સૌને પોતાના તરફ આકર્ષવા સમર્થ બનશે. જેટલા પ્રમાણમાં તે બીજાના કાર્યોમાં રસ લેશે તેટલા જ પ્રમાણમાં તે તેઓને પોતાના તરફ આકર્ષી શકશે.

તે બીજાના હિતમાં ખરેખરા અંતઃકરણપૂર્વક રસ લેશે અને પોતાને પોતાનાં કાર્યો સંબંધી વાતચીતનું મધ્યબિંદુ બનાવવાનો યત્ન તજી દેશે કે તે જ વેળાએ બીજા લોકો પણ તેનામાં રસ લેવા લાગશે. **સર્વ મનુષ્યો પર સમાન દૃષ્ટિ અને પ્રેમભાવ રાખવા તે જ લોકપ્રીતિ સંપાદન કરવાનો અમોઘ માર્ગ છે.** કેવળ આત્મભાન અને સ્વાર્થ પરાયણતાના બંધનને પ્રેમભાવ તોડી નાખશે. **પોતાની જાતના વિચાર કરવાનું ભૂલી જાઓ અને બીજામાં રસ લેવાનું શરૂ કરો; બીજાને માટે પ્રેમભાવ, માનની લાગણી, તેમને સહાય કરવાની ખરેખરી ઇચ્છા કેળવો. એને પરિણામે લોકપ્રિય થવાના તમારા પ્રયત્નો ફળીભૂત થશે એમાં લેશ પણ સંદેહ નથી.**

ઘણા લોકોથી માણસો અલગ રહેવા મથે છે તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ પોતાને જ સર્વસ્વ માને છે અને અહોનિશ પોતાના કાર્યમાં જ મગ્ન રહે છે. આ પ્રમાણે તેઓએ ઘણા લાંબા સમય સુધી જીવન વ્યતીત કર્યું હોય છે, જેથી તેઓએ બાહ્ય જગતની સાથેનો સર્વ સંબંધ અને સહાનુભૂતિ ગુમાવી દીધાં હોય છે. ઘણા વખત સુધી આંતરિક–એકાંત જીવન ગાળ્યું હોવાથી તેઓને બાહ્યજીવન અશક્ય લાગે છે. તેઓના સમજવામાં આવ્યું હોતું નથી કે સ્વાર્થપરાયણ એકાંત જીવનથી અને વર્ષો સુધી બીજામાં રસ નહિ હોવાથી તેઓની આકર્ષણ શક્તિનો સદંતર નાશ થઇ ગયો છે. અને તેઓની લાગણીઓ એટલી બધી હદે સુકાઈ ગઇ હોય છે કે તેઓ કોઇ પણ પ્રકારની શક્તિ અથવા ઉષ્ણતા ઉત્પન્ન કરવાને તદ્દન શક્તિહીન બની ગયા છે. આવા માણસોની હાજરી માત્રથી આસપાસના વાતાવરણમાં સર્વત્ર શૂન્યતા–શુષ્કતા પ્રસરી રહે છે. ( ચાલુ )

---

## તપ

જ્ઞાની ભગવંતોએ આંતરિક વાસના–લાલસાઓ પર કાબૂ મેળવી અણાહારી પદની પ્રાપ્તિ માટે તપધર્મનું આરાધન સૂચવ્યું છે, તેથી તપ કરનારાઓએ ઉત્તરપારણે કે પારણે તપના નામે વાસના–લાલસાના સંસ્કારો પાતળા થવાના બદલે ગાઢ ન બને તેનું પૂરતું ધ્યાન રાખવાની જરૂર છે; અને તપ કરતી વખતે આંતરિક શુભ વિચારો ટકી રહે અને ઉત્તરોત્તર પરિણામશુદ્ધિ વધતી રહે તે અંગે ગુણિયલ મહાપુરુષોના ઉદાત્ત જીવનપ્રસંગો વિચારી તેમાંથી પ્રેરણા લેતાં શીખવું જોઇએ.

**સાગરનાં મોતી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે

# ત્રેવીશમા શ્રી સ્યંદન જિન સ્તવન–સાર્થ

સં—ડાક્ટર વલ્લભદાસ નેણશીભાઇ–મોરબી.

**સ્યંદન જિનવર પરમ દયાલ કૃપાલુઓ રે,**
**જગ સોહન ભવિ બોહન દેવ મયાલુઓ રે. દે૦**
**પર પદ ગ્રહણે જગ જન બાંધે કર્મને રે,**
**અથિર પદારથ ધ્યાતાં કિમ લહે ધર્મને રે. કિ૦**
**જડચલ જગની એંઠ છે પુદ્ગલપરિણતિ રે,**
**ધ્યાતા વીરજ કંપે આપ લહે ન સગુણ રતી રે.**
**લહે૦ ( ૧ )**

**સ્પષ્ટાર્થ**:–ગત ચોવીશીના ત્રેવીશમા તીર્થંકર શ્રી સ્યંદન જિનેશ્વર પરમ દયાલ અને પરમ કૃપાળુ છે. જગતમાં જે જે લોકો શુદ્ધ માર્ગના અજાણ દયા અને કૃપા કરે છે તે દયા થોડા દિનને માટે અને આખર આયુ પર્યંત કોઇકને બાહ્ય રીતે હિતકારી થાય છે પણ આખરે તે દયાનું હિત વિણસી જાય છે કેમકે પૌદ્ગલિક દયા અસ્થિર છે અને એકાંતિક સુખનું કારણ નથી. વળી તે પૌદ્ગલિક સુખ ભયભરેલું છે અને સ્યંદન સ્વામિની દયાથી જે આત્મિક ગુણો અને આત્મિક સ્વતંત્ર સુખ પ્રગટ થાય તે તો સાદિ અનંતકાળ સુધી નિર્ભય, નિરાકુલ, અચલ પરમ સ્વતંત્ર સુખનું કારણ છે; માટે પ્રભુ પરમ કૃપાલ છે. પ્રભુજી ત્રણે જગતમાં શોભા પામેલા છે કે પાતાલ, મનુષ્ય અને સ્વર્ગોમાં ભુવનપતિઓ, મનુષ્યો, વ્યંતરો, વિદ્યાધરો, ગણધરો, મુનિઓ, વૈમાનિકો અને નરનારીઓના થોક જેના ગુણોની સ્તવના શોભા હમેશાં કર્યા કરે છે–ભવિ જીવોને શુદ્ધ બોધના દાતાર છો. કેવળજ્ઞાન, કેવળદર્શને કરી દેદીપ્યમાન દેવ સર્વે જીવોના ખેદને દૂર કરવાવાળા પરમ માયાળુ છે.

સંસારી જીવો પુદ્ગલ ગુણ પર્યાયરૂપ પરપદ ગ્રહણ કરવાથી એટલે પરિગ્રહવશે કર્મ બાંધે છે તે પરિગ્રહ તો નિશ્ચયથી પરવસ્તુને અહંપણે ગ્રહવું તે એક અભેદપણે જાણવો. અને વ્યવહારથી બાહ્ય પરિગ્રહ નવવિધે તથા અંતર પરિગ્રહ ચૌદવિધે છે. પૌદ્ગલિક અસ્થિર પદાર્થને ધ્યાતાં ચિત્ત સ્થિરતા પામતું નથી, અને ચલચિત્તવાળો, સ્થિર આત્મધર્મને પામી શકતો નથી, પુદ્ગલપરિણતિ પોતે જડ એટલે અચેતન છે, અને ચલ કહેતાં ઉત્કૃષ્ટી અસંખ્યાત સમયથી વધારે સ્થિરવાળી નથી. વળી અનંતા જીવોએ અનંતા પુદ્ગલ દ્રવ્યને અનંતીવાર લીધા અને વિષ્ટા–મૂત્ર–રસ–રુધિર માંસ–મેદ–અસ્થિ–મજ્જા–વીર્યાદિકપણે પરિણમાવ્યા અને વારવાર મૃતકપણે છોડાવ્યા તો એવી અસ્થિર પરિણતિની પાછળ જે જીવો લાગ્યા તે કેમ સ્થિરતા પામે ? અને તેનું મન વચન કાયા નિવૃત્તિ પામે નહીં તો તે આત્મધર્મ અને તે ધર્મનું નિવૃત્તિરૂપ સુખ કેમ પામે ? એવી અસ્થિર પુદ્ગલ પરિણતિ પાછળ જે લાગે તેનું વીર્ય કંપાયમાન થાય અને શુદ્ધાત્મગુણમાં રતિ, સ્થિરતા, સમાધિ પામે નહિ. ( ૧ )

**નિરમલ દરશન જ્ઞાન ચરણમય આતમા રે,**
**નિજપદ રમણે પ્રગટે પદ પરમાતમા રે. પદ૦**
**મોહાદિકમાં તલ્લીન તન્મય તે કહ્યો રે;**
**શુદ્ધબ્રહ્મમાં તલ્લીન તિણ શિવપદ લહ્યો રે૦ તિ.૨**

**સ્પષ્ટાર્થ**:—જો આત્મા પુદ્ગલ દ્રવ્યની મમતા છોડી પોતાનું સ્વરૂપ જુએ તો નિર્મળ જ્ઞાન–દર્શન–ચરણમય પોતે જ છે, એમ જાણી પરરમણ છોડી શુદ્ધ સ્વરૂપ રમણ કરે તો પોતાનું પરમાત્મપદ પ્રગટ થાય. જે જીવ મોહાદિક જે જે વિભાવ અગર સ્વભાવમાં જે સમય તલ્લીન છે તે સમય તન્મય કહેતાં તે મય તેને કહીયે. જેમ ક્રોધમાં તલ્લીન થયેલો ક્રોધમય કહીયે, કામમાં તલ્લીન થયેલો કામી–કામમય કહીયે, અને શુદ્ધ ધર્મમાં તલ્લીન થયેલો શુદ્ધ ધર્મમય કહીયે તે માટે શુદ્ધાત્મ બ્રહ્મ–સ્વરૂપમાં તલ્લીન થયેલો આત્મા શુદ્ધ બ્રહ્મરૂપ થાય એટલે તે જ આત્મા શિવપદ પામ્યો કહીયે. ( ૨ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પુદ્ગલ પરિણતિ ભિન્ન આતમથી જે સદા રે,**
**છોડી તાસ વિકલ્પ રહો નિજ ગુણ મુદા રે રહો૦**
**તપ સંજમ મય સહજ ભાવ નિજ ધ્યાઈએ રે,**
**નિર્મલ જ્ઞાનાનંદ પરમ પદ પાઇએ રે. પરમ૦ ૩**

**સ્પષ્ટાર્થઃ**—પુદ્ગલપરિણતિ સર્વે કાળે આત્માથી ભિન્ન જ છે. આત્માનાં અને પુદ્ગલ-પરિણતિનાં ભિન્ન લક્ષણ જાણી પુદ્ગલપરિણતિ સંબંધીનો શુભાશુભ વિકલ્પ તથા તેના શુભાશુભ-પણાના આલાપ તથા તે અર્થે શુભાશુભ ક્રિયા છોડી નિજાત્મ ગુણમાંહે પ્રમોદિત રહો. આત્મા નિર્મલ નિજ સ્વરૂપ જાણી પુદ્ગલ મમતા છોડે તો પુદ્ગલ ભોગોની ઇચ્છા ન થાય અને પોતાના જ્ઞાન-દર્શન-ચરણમય સ્વરૂપમાં તૃપ્ત રહે તો તે આત્મા તપરૂપ જ છે અને પોતાના શુદ્ધ સ્વરૂપને સદા અખંડ ઉપયોગમાં રાખે તો આત્મા પોતે જ સંજમરૂપ છે, એવો તપ સંજમમય ઉપાધિરહિત આત્મિક સહજ ભાવ અખંડ સમય ધ્યાઇએ તેથી નિર્મલ જ્ઞાનાનંદમય પોતાનું સ્વતંત્ર પરમપદ પાઇએ. ( ૩ )

**સ્યાદ્વાદમય શુદ્ધ પ્રભુમુખ દેશના રે,**
**સન્માને તે કરે વિભાવ પ્રવેશના રે. વિભાવ૦**
**જિનવાણી સન્માન વિના ભવવાસ છે રે,**
**પરપરિણતિ સન્માન કર્મ અડ પાસ છે રે. કર્મ૦ ૪**

**સ્પષ્ટાર્થઃ**–પ્રભુમુખની સ્યાદ્વાદમય શુદ્ધ દેશના છે કે જેથી શુદ્ધ સાધ્ય, અને સાધના સાક્ષાત્કાર જણાઇ શકે છે, તે આજ્ઞાને જે ભવિ બહુ સન્માને, આદરે, તે વર્ણાદિ રાગાદિ વિભાવમાં પ્રવેશ કરે નહિ. જ્યાંસુધી જિનવચનનું સન્માન આવ્યું નથી ત્યાં સુધી દુઃખે ભરેલો ભવવાસ કાયમ છે. અને પર-પરિણતિ સન્માને એટલે પરગ્રહણે જ આઠે કર્મનો પાસ છે. ( ૪ )

**આતમ શક્તિ સ્વતંત્ર લખો જિનવાણુથી રે,**
**સાધો શિવ મગ શુદ્ધ શુકલ દ્રઢ ધ્યાનથી રે.શુકલ૦**
**શુદ્ધ નયે લખિ દ્રવ્યને નિસ્પૃહ અન્યથી રે,**
**સમભાવે નિજ ધ્યાય તસુ ભવ ભય નથી રે. તસુ૦ ૫**

**સ્પષ્ટાર્થઃ**–આતમશક્તિ પરતંત્ર નથી પણ પોતે આત્મશક્તિ જાણી નથી ત્યાંસુધી પુદ્ગલ મમત્વવશે પોતે અનંત પરતંત્રતા ભોગવે છે. હવે અવસર મળ્યો માટે જિનેશ્વરના સ્યાદ્વાદ ઉપદેશથી આત્મશક્તિ સ્વતંત્રપણે જાણો અને શુદ્ધ શિવમાર્ગ દ્રઢ શુકલધ્યાને સાધો. શુદ્ધ નયે સ્વપર દ્રવ્યને ભિન્ન જાણી અન્ય દ્રવ્યથી નિઃસ્પૃહ થઇ સમભાવે નિજ શુદ્ધાત્મપદ ધ્યાય તેને ભવભય નથી. ( ૫ )

**પંચ મહાવ્રત પંચાચાર શ્રી જિન વદે રે,**
**પંચ સમિતિ ત્રણ ગુપ્તિ સમભાવે સધે રે. સમ૦**
**જ્ઞાન ધ્યાન કિરિયા સાચી સમભાવથી રે;**
**સાધ્ય શૂન્ય કિરિયા કષ્ટે શિવપદ નથી રે. કષ્ટે૦ ૬**

**સ્પષ્ટાર્થ**:–જિનેશ્વરે પંચ મહાવ્રત, અને જ્ઞાના-ચારાદિ પંચવિધ આચાર કહ્યા છે તથા પાંચ સમિતિએ ત્રણ ગુપ્તિ પ્રરૂપી છે તે સર્વે પૂર્ણ સમભાવ અર્થે છે, અને રાગદ્વેષ તજી સમભાવ રાખી વ્રત-આચાર-સમિતિ-ગુપ્તિ સાધીએ તો જ સધાય. વળી જ્ઞાન-ધ્યાન અને કિરિયા સમભાવ સહિત હોય તો જ સાચાં જાણવા. રાગ, દ્વેષ સહિત જાણવું તે જ્ઞાન નથી. રાગદ્વેષ સહિત ધ્યાન તે શુભ ધ્યાન નથી. રાગદ્વેષ સહિત ક્રિયા તે ઉત્તમ ક્રિયા નથી. પણ રાગ-દ્વેષ વિના સમભાવ સહિત જ્ઞાન-ધ્યાન અને ક્રિયા તે જ સાચાં મોક્ષ હેતુ છે. જ્ઞાન-દર્શન-ચરણનું વિષયપણું ટાળી સમ અને સ્થિરપણું સાધવું છે એવો શુદ્ધ સાધ્ય જાણ્યા વિનાની શૂન્ય ક્રિયાકષ્ટથી મોક્ષપદ નથી અને સમભાવ તો પર-ગ્રહણ બુદ્ધિ તજવાથી આવે; માટે પરગ્રહણ બુદ્ધિ તજી, પરદ્રવ્યાદિથી નિઃસ્પૃહ થઇ મુક્તિ ગુણ રાખીયે તો જ સમભાવ આવે અને સકળ કાર્ય સિદ્ધ થાય અને સ્યંદન જિનદેવે પરમ ઉપકાર બુદ્ધિએ ઉપદેશ્યું તે અમારા સરખા ભવિજીવો ઉપર તેમનો પરમ ઉપકાર છે.

**શુદ્ધ સાધ્ય સાપેક્ષ સુનય વાણી લખો રે,**
**સમભાવે શુદ્ધાતમ અનુભવ રસ અખો રે; અ૦**
**દેવચંદ્ર પ્રભુ વચનામૃત રસપાનમાં રે,**
**મનસુખ શિવઘર વાસે સુખ અપાનમાં રે ।૭।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટાર્થઃ—તીર્થંકરોની વાણી શુદ્ધ સાધ્ય સાપેક્ષતાએ હોય છે તો પરમેશ્વરની વાણી શુદ્ધ સાધ્ય સાપેક્ષતાએ સુનયે જાણો એટલે એકાંત નયની ખેંચ વિના હૃદયમાં ધારો અને પરદ્રવ્ય ઉપરનો રાગ–દ્વેષ છોડી જ્ઞાન–દર્શન–ચરણાદિકમાં સમ એટલે સુધી રાગ–દ્વેષની મરોડ અને ચપળતા વગરનો સ્થિર ભાવ રાખી આત્મશુદ્ધતાનો અનુભવ રસ ચાખો આત્મશુદ્ધતાનો સ્વાદ ચાખવાનો, રસ લેવાનો અભ્યાસ વધારવો તે અનુભવ કહીયે જ્યાં સુધી પૌદ્ગલિક સ્વાદનો અનુભવ કરીએ ત્યાં સુધી શુદ્ધાત્મ અનુભવ આવે નહિ, માટે પૌદ્ગલિક અનુભવ અસ્થિર અહિતકારી જાણી, તજી આત્મશુદ્ધતા રસ લેવાનો અનુભવ અભ્યાસ કરો, સાધ્ય નિરપેક્ષપણે જે જે વચનો હોય તે તીર્થંકરોના અથવા તો જ્ઞાનીઓના નથી માટે તીર્થંકરોના વચન પરખવા સાધ્ય સાપેક્ષતાનો વિચાર હૃદયથી ચૂકશો નહીં દેવોમાં ચંદ્રમા સમાન સ્યંદન જિનેશ્વરના વચનામૃત રસ પાનની ઉત્તમ સેવા મન સુખે આદરે તે શિવ-શ્રિયનો સ્વામી થાય અને તેને કોઇ પ્રકારની ઉણુ-પતા રહે નહિ અને અમાપ સુખમાં શાશ્વત ઘર-વાસ કરે. ( ૭ )

---

## આજની કેળવણી

આજની કેળવણીમાં એક જાતનો દોષ છે અને તે એ કે, માણસની વિચારશક્તિને ઉદ્ધત બનાવી મૂકે છે. આ ગુણ આખી પાશ્ચાત્ય વિદ્યાનો છે એમ કહીએ તો ચાલે. અસંતુષ્ટ વૃત્તિ સર્વ પાશ્ચાત્ય પ્રવૃત્તિનું મૂળ છે. તે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે, વધારે છે અને દૃષ્ટિ–મર્યાદાને અનુરૂપ ફળપરંપરા દેખાડે છે. એ વૃત્તિથી માણસ ફળ પ્રાપ્ત કરવા ઉતાવળો બને છે અને અધીરો થાય છે. સ્વાભાવિક માર્ગે ફળ મેળવતાં વાર લાગે છે, તે આ વૃત્તિને પ્રતિકૂળ થાય છે. એક જ ફળ શોધી બેસી રહેવાનું નહીં પણ ફળ ઉપર ફળ ખોળ્યા કરવાના અને તે પણ ઉતાવળથી, એટલે આ વૃત્તિવાળાના મન સટોડીયા જેવી પ્રવૃત્તિવાળા થઇ જાય છે.

ભૂતકાળનો અનુભવ શોધ્યા વિના, વર્તમાન સ્થિતિ જોયા વિના આતુર મન ભવિષ્ય શોધવા નીકળે છે. અને સાધન વિના ફળ ઇચ્છે છે. વર્તમાનથી અસંતુષ્ટ ચિત્ત દૃષ્ટિ આગળ અકસ્માત્ નડતું ભવિષ્ય ઝડપે છે અને ભવિષ્યની પાછળ ઊભેલું અર્ધપક્વ હોવાથી અનિષ્ટ ભવિષ્ય અણધાર્યું આવી પડતાં કંપારી અનુભવે છે.

—સાગરનાં મોતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મ : જગન્માન્ય વિશ્વધર્મ

લેખકઃ—પ્રોફેસર જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ.

**જૈનધર્મની પરધર્મીઓ પર પ્રબલ અસર**

સૈકાઓ પહેલાં, હિંદુસ્થાનની અંદર આવીને વસવાટ કરી રહેલા પરદેશીઓ અને પરધર્મીઓ ઉપર જૈનધર્મનો સારો પ્રભાવ પડ્યો હશે અને તેઓમાંથી ઘણાઓએ જૈનધર્મ અંગીકૃત કર્યો હશે એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. કાલકાચાર્યની કથા ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે શક, હૂણ, યવન, મ્લેચ્છ વગેરે જાતિઓમાં પણ જૈનધર્મ પ્રસારિત થયો હતો. વળી એમ પણ કહેવાય છે કે સમ્રાટ અકબર પણ જૈનધર્માનુરાગી હતો. ત્યાર પછી અનેક મુસલમાનોને જૈનસંઘમાં પ્રવેશ મળ્યો હતો. આના સંબંધમાં જર્મન વિદ્વાન બ્યુહલરે લખ્યું છે કે અમદાવાદમાં તેઓ ગયા ત્યારે જૈનોએ ઉપરોક્ત હકીકત તેમને કહી હતી.

જૂના જમાનાની વાત છે. જૈન સાહસિક વેપારીઓ દરિયાપાર વેપાર ખેડતા ત્યાં પણ જૈનધર્મના વિજયપતાકા લહેરાવતા. સંભવ છે કે તેઓ અરબસ્તાન પણ ગયા હોય અને તેમના આચાર–વિચારની અસર આરબો ઉપર પડી હોય. આરબ તત્ત્વજ્ઞાની અબુલ અલ્લાના સિદ્ધાંતો પર સ્પષ્ટ રીતે જૈન દર્શનનો પ્રભાવ દેખાઇ આવે છે. તે કેવળ શાકાહારી હતો. દૂધ પ્રાણિજ વસ્તુ હોવાથી તે દૂધ પણ લેતો નહિ. તેની એવી માન્યતા હતી કે ગાયના આંચળમાંથી ખેંચીને દૂધ કાઢવું એ દયાહીનતા છે, ક્રૂરતા છે, પાપ છે. મધપૂડાના મધનો પણ તેણે ત્યાગ કર્યો હતો કારણ કે મધ બનાવવામાં મધમાખીઓનો જરૂર નાશ થાય છે. વળી ઘણી વાર તે મુદ્દલ નિરાહારી પણ રહેતો. ઇંડાને અને માંસને તો તે અડે નહિ અને જુવે પણ નહિ. તેનો આહાર–વિહાર અને વેશ એક જૈન સાધુ જેવો હતો. તે પગમાં લાકડાની ચાખડી પહેરતો કારણ કે પશુના ચામડાના જોડા પહેરવામાં પાપ છે એમ તે માનતો. એક સ્થળે તેણે કહ્યું છે કે "ગ્રીષ્મ ઋતુના પવનો તારા માટે પૂરતાં વસ્ત્રો છે." આમ તેણે નગ્ન સ્થિતિ અથવા દિગંબરત્વની પણ પ્રશંસા કરી છે. વળી તે કહે છે કે "ભિખારીને દેવા કરતાં માખીને બચાવવી ઉત્તમ છે" અર્થાત્ ભિખારી તો બીજો ઉપાય શોધીને પણ પેટ ભરશે પણ માખી બીચારી શું કરશે? કેટલી દયા? અબુલ અલ્લાના જીવન અને કથન પરથી જણાઇ આવશે કે—તે અહિંસા ધર્મનું રહસ્ય અને ગાંભીર્ય બરાબર સમજતો હતો અને આચારમાં મૂકતો હતો. અરબસ્તાનમાં હઝરત મહમદ પેગંબર સાહેબ થઇ ગયા તે પહેલાં જૈન ઉપદેશકો અરબસ્તાનમાં ગયા હતા એમ કેટલાક વિદ્વાનો માને છે.

મહાન એલેકઝાંડરને પણ એક જૈન સાધુનો પરિચય થયો હતો. જેને પ્લૂટાર્ક વગેરે ગ્રીક લેખકો કેલેનસ નામથી ઓળખે છે. તે કદાચ કલ્યાણસૂરિ નામનો નિર્ગ્રન્થ સંપ્રદાયનો યતિ હશે. તક્ષશિલાની સમરાંગણભૂમિ ઉપર તેઓ પરસ્પર મળ્યા હતા, અને વિજેતા એલેકઝાંડર તે સાધુથી ઘણો જ પ્રભાવિત થયો હતો.

ચીનના બૌદ્ધયાત્રી હ્યુએનસંગને તેના પ્રવાસ દરમિયાન એક દિગંબર સાધુનો મેળાપ થયો હતો. જૈનધર્મ અને બૌદ્ધધર્મનો પરસ્પર પરિચય ઘણી વાર સંઘર્ષમાં પરિણમતો એમ પણ દેખાય છે. હરિભદ્રાચાર્યના શિષ્યો હંસ અને પરમહંસ જૈન ધર્મના પ્રચાર અર્થે ટિબેટમાં ગયા હતા. ત્યાં બૌદ્ધોએ તેમને મારી નાંખ્યાની વાત પણ છે. આ ઉપરથી એમ જણાય છે કે મહાવીરસ્વામીના અનુયાયીઓમાં પ્રબલ ધર્મપ્રચારની ભાવના હતી. આ ભાવનાની ઉત્કટ આતુરતાને વશ થઇને તેઓ સમુદ્રપાર પણ જતા. એવાં અનેક કથાનકો મળી આવે છે કે જેમાં જૈન ઉપદેશકો દૂર દૂર પેસીફીકના ટાપુઓ જાવા, સુમાત્રાદિ તરફ ગયા હતા અને ત્યાંના દ્વીપવાસીઓને જૈન ધર્મની દીક્ષા આપી હતી. જૈનોની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક માન્યતા એવી છે કે રામેશ્વરપાર સમુદ્રમાં એક બેટ છે કે જે એક વખત જૈન વિદ્યાનું કેન્દ્રધામ હતું.

**જૈન ધર્મ સર્વ માટે છે.**

એક વાત ઇતિહાસ-સિદ્ધ થઇ ચૂકી છે કે શ્રમણ સંસ્કૃતિના પરમોદ્ધારક મહાવીરસ્વામી આર્ય-અનાર્યનો, બ્રાહ્મણ-અબ્રાહ્મણનો ભેદ સ્વીકારતા નહોતા. તેમનો ઉપદેશ સર્વ માટે હતો. આ સંબંધે બ્યુહલર સાહેબે લખ્યું છે કે-હલકી કોમો જેવી કે માળી, રંગારા વગેરેને દીક્ષા આપવા માટે જૈનધર્મે સંકોચ રાખ્યો નથી. જૈન ઉપદેશકો, ઊંચી કોમના હિંદુઓને ઉપદેશે છે તે તો ખરું જ પણ તેથી આગળ વધીને અસંસ્કારી વર્ગના લોકોને પણ ધર્મોપદેશ કરે છે. હેમચંદ્રાચાર્યે લખ્યું છે કે-તેમના સમયના રાજાઓએ જંગલના આદિવાસીઓમાં સાધુઓ જૈનધર્મનો પ્રચાર કરી શકે તે માટે અનેક સગવડો કરી આપી હતી. સાધુઓને અન્ન વસ્ત્રની જંજાળમાં પડવું ન પડે તે માટે રાજા અગાઉથી જ સાધુઓના વિહાર સ્થળે બધી સામગ્રી પહોંચાડી દેતા.

**મનુષ્યેતર જીવો માટે પણ જૈનધર્મ ઉપકારી છે**

કથાગ્રંથોમાં જૈન ધર્મ કેવી રીતે વિશ્વવ્યાપી છે તેનાં ઉદાહરણો આપ્યાં છે. માત્ર મનુષ્ય જીવનો જ તેથી ઉદ્ધાર થાય છે તેમ નથી પણ બધાય જીવોનો-માત્ર મનુષ્ય જ નહિ, તિર્યંચો, નારકી જીવો, દેવો પણ જૈન સિદ્ધાન્તનો સાક્ષાત્કાર કરીને પરમગતિને પામ્યા છે. જૈન માન્યતા પ્રમાણે ઉચ્ચ વર્ગના દેવોએ જૈન ધર્મનો સ્વીકાર કરેલો છે જ. ગ્રૈવેયક જેવા સ્વર્ગ લોકના દેવ તો ખાસ કરીને જૈન ધર્માનુયાયી જ છે. નારકી જીવોને પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થઇ શકે છે. એકેન્દ્રિય જીવોથી માંડીને ચતુરિન્દ્રિય જીવો કે જે તિર્યંચ હોય છે તેઓ મિથ્યાત્વી હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ પણ મિથ્યાત્વમાંથી છૂટ્યા હોતા નથી. તો પણ પંચેન્દ્રિય સંજ્ઞી તિર્યંચો થોડે ઘણે અંશે સમ્યક્ત્વ સુધી જઇ શકે છે. આવી હકીકતો કથાગ્રંથોમાં જાણવા મળે છે. એક દેડકાને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની વાત આ પ્રમાણે છે. મહાવીરસ્વામી રાજગૃહીના ઉપવનમાં ધર્મોપદેશ આપતા હતા તેવામાં આ દેડકાને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ તાજી થઈ ગઇ તેનામાં ભક્તિભાવનો આવેશ આવ્યો અને તુરતજ જિનેન્દ્ર મહાવીરસ્વામીને વંદના કરવા લાગ્યો. પણ પોતાનું વંદનાકાર્ય પૂરું થાય તે પહેલાં તો એક હાથીના પગ નીચે દબાઇ ગયો! પરંતુ મરતી વખતે શુભ ભાવના પ્રબળ હોવાથી તે મરીને દેવ થયો. આ પ્રમાણે મનુષ્યેતર તિર્યંચ વગેરે જીવો માટે પણ જૈન ધર્મ ઉપકારી થયો છે. સર્વ જીવો માટે જૈન ધર્મનાં દ્વાર ખુલ્લાં છે

**જગતના ધર્મોમાં જૈનધર્મનું વિશિષ્ટ અને ઉચ્ચતમ સ્થાન**-દુનિયામાંહેના તમામ ધર્મોનું વર્ગીકરણ બે વિભાગમાં કરીએ તો (૧) ભારતીય અને (૨) બીન-ભારતીય એમ થઈ શકે. બીન-ભારતીય ધર્મોમાં મુખ્યત્વે સેમીટીક કુળના ધર્મો આવે છે. ખ્રીસ્તીધર્મ, ઇસ્લામધર્મ, યહુદીધર્મ અને તેની શાખા, ઉપશાખાઓ સેમીટીક કુળમાં આવી જાય છે. આ ધર્મોમાં મુખ્યત્વે સૃષ્ટિકર્તા ઇશ્વરની શરણાગતિ મુખ્ય સિદ્ધાંત છે, પરંતુ દાર્શનિક દૃષ્ટિએ તે અપૂર્ણ છે; કારણ કે પૂર્વજન્મ, પુનર્જન્મ અને કર્મના નિયમનો સ્વીકાર તેમાં થયેલો નથી. પુનર્જન્મ અને કર્મ સિદ્ધાંત વગર જગતનો ખુલાસો થઈ શકે જ નહિ માટે તે ધર્મોમાં એટલી ઊણપ છે. હવે ભારતીય ધર્મો તરફ દૃષ્ટિપાત કરીએ. વૈદિક પરંપરા અને શ્રમણ પરંપરા એવા બે પેટા વિભાગમાં આપણાં દર્શનો વહેંચાઇ જાય છે. હિંદુધર્મ મુખ્યત્વે વૈદિક પરંપરાને અનુસરે છે. શ્રમણ પરંપરામાં બૌદ્ધ અને જૈન ધર્મો આવે છે. જો કે આ તમામ ધર્મોમાં પુનર્જન્મ અને કર્મના નિયમો માન્ય રખાય છે છતાં જૈન ધર્મમાં કર્મમીમાંસાનું ઘણું સરસ અને વૈજ્ઞાનિક ઢબે નિરૂપણ થયેલું હોવાથી આ બાબતમાં તેનું સ્થાન વિશિષ્ટ છે. હવે સૌથી વધારે ધ્યાન ખેંચાય તેવી હકીકત પર આપણે આવીએ.

જૈન સમાજના આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓનું પ્રધાન કર્તવ્ય ધર્મોપદેશ કરવાનું હોવાથી, જ્ઞાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય સ્વીકાર અને સમાલોચના

**श्रीकुमताहिविषजांगुलीमंत्र--तिमिरतरणि**

ગ્રંથનિર્માતાઃ શાસનકંટકોદ્ધારક મુનિ મહારાજશ્રી હંસસાગરજી મહારાજ. પ્રકાશક. શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ C/o જરીવાળા ચીમનલાલ સવાઇચંદ. ગોળશેરી, ગળેમંડી–સુરત. મૂલ્ય. રૂા. ૨–૪–૦

આજથી ૩૨૭ વર્ષ પૂર્વે, એટલે વિ. સં. ૧૬૮૨ માં લખાએલ. "**कुमताहिविषजांगुली मंत्र**" નામનું પુસ્તક પ્રતાકારે સં. ૨૦૦૮ માં પ્રગટ કરવામાં આવેલ. ગ્રંથ પ્રકટ કરવાની શૈલી અને તેમાંનું લખાણ જોતાં આ ગ્રંથ પ્રમાણિકપણે પ્રગટ કરવામાં આવ્યો ન હોય તેમ સ્પષ્ટ દેખાતું હતું, બલ્કે ભૂતકાળમાં તપગચ્છ અને ખરતર ગચ્છ વચ્ચે જે કેટલાક મતભેદો ચાલતા હતા, તેને અંગે કેટલીક ગેરસમજ ઊભી કરવાની દૃષ્ટિ આ ગ્રંથ પ્રગટ કરતી વખતે રાખવામાં આવી હોય તેમ મૂળ ગ્રંથમાં કેટલોક ફેરફાર કરવામાં આવ્યો હોય તેમ દેખાતું હતું. જ્યારે ગચ્છ ગચ્છ વચ્ચેનું વાતાવરણ સુમેળ સાધતું આવતું હોય, તેવા સમયે આવું સાહિત્ય પ્રગટ કરવાનો આશય શું હશે? તે પણ સમજી શકાય તેમ ન હતો.

વિભ્રમ ઊભો કરનાર આ ગ્રંથ જોતાં ગેરસમજ દૂર કરવા અને ગચ્છ–ગચ્છ વચ્ચેનો સુમેળ જામતો આવે તે દૃષ્ટિએ આ પ્રત ઉપર ગ્રંથનિર્માતાએ યોગ્ય પ્રકાશ પાડતો આ ગ્રંથ બે વરસ પહેલા પ્રગટ કર્યો હતો, અને તેમાં યોગ્ય પ્રમાણો આપી ગેરસમજ ઊભી ન કરનાર આ સાહિત્ય સામે, યોગ્ય પ્રકાશ પાડવાની ગ્રંથ–નિર્માતાને જરૂર લાગી, અને તેના ફળ–સ્વરૂપે ઉપરોક્ત ગ્રંથ રચીને મુનિશ્રી હંસસાગરજી મહારાજે તે પ્રગટ કર્યો હતો. એ જ ગ્રંથ યોગ્ય સુધારાવધારા સાથે દ્વિતીયાવૃત્તિના રૂપમાં આજે પ્રતાકારે પ્રગટ કરવામાં આવે છે. મૂળ ગ્રંથ સંસ્કૃતમાં રચવામાં આવ્યો છે અને તેનું જ ગુજરાતી ભાષાન્તર પણ સાથે જ આપવામાં આવેલ છે. એટલે સૌને વાચન–મનનમાં સુગમતા રહે તેમ છે.

સારાએ ગ્રંથનો મુખ્યધ્વનિ "અભયદેવસૂરિ" ખરતર ગચ્છના ન હતા તે વાત સ્પષ્ટ કરવા માટે છે. ખરતરોએ 'અભયદેવસૂરિ'ને પોતાના ગચ્છના ઠરાવવા તે સમયે ષડ્યંત્રો રચ્યા હતા, પણ તેમાં તેઓ ફાવી શક્યા ન હતા એ બીના આ ગ્રંથમાં ઐતિહાસિક શહાદતો રજૂ કરી પુરવાર કરવામાં આવી છે.

---

સંયમ અને ચારિત્ર કેળવવા તરફ તેમનું લક્ષ્ય વધારે ગયું છે. જૈન ધર્મમાં આત્મજ્ઞાન અને સદાચારનું મૂલ્ય એટલું બધું અંકાયું છે કે તેનો પ્રભાવ જૈનેતરો પર પણ પડ્યો છે. તેથી ઊલટું જૈનેતરોમાં ઊંચું આત્મજ્ઞાન અને સંયમપૂર્વક સદાચાર જોવામાં આવે તો તેને અપનાવવામાં જૈનોએ હમેશાં તત્પરતા બતાવી છે. **नमो लोए सव्वसाहूणम्।** નમસ્કાર મહામંત્રના આ છેલ્લા પાદમાં એવો ધ્વનિ છે કે જૈન હો કે જૈનેતર હો, જે મુમુક્ષુમાં સર્વ પાપોના ત્યાગરૂપ સદાચાર છે તે પૂજાઈ છે. આ દૃષ્ટિ ખરેખર ઉદાર અને બહુ વિશાળ છે. તેમાં પક્ષપાતની જરા પણ ગંધ નથી. આવી દૃષ્ટિ જ પ્રત્યેક સાચા ધર્મના પાયામાં હોવી જોઈએ. ટૂંકામાં આત્મજ્ઞાનની સાથે શુદ્ધતમ સદાચાર એ જ સાચી ધાર્મિકતાનું લક્ષણ ગણાવું જોઈએ. એટલે કે ધાર્મિક માણસમાં તે પ્રધાનપણે જોઈએ જ. આપણે એમ બેધડક કહી શકીએ કે માનવ ચારિત્રની અને ખાસ કરીને સાધુચારિત્રની જે કલ્પના જૈન ધર્મમાં કરવામાં આવી છે તે ઘણી ઉચ્ચ છે. માણસ ગમે તે સ્થળનો હોય, ગમે તે જાતિમાં ઉત્પન્ન થયો હોય, ગમે તે ધર્મનો હોય પણ જો તેનું જીવન સાધુચરિત હોય તો તે વંદનીય છે. આ લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર એવી જે જૈનોની માન્યતા છે તે બતાવી આપે છે કે જૈન ધર્મમાં ઉચ્ચતમ તાત્ત્વિક અને સાર્વજનિક ઉદાર ધર્મદૃષ્ટિ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે પ્રાચીન ઐતિહાસિક સાહિત્યને વિકૃત રૂપમાં બહાર પાડી સાહિત્યની જે કુસેવા કરવામાં આવે છે, તેમજ શાન્ત વાતાવરણ વચ્ચે એ ગચ્છ-વચ્ચેનો વિખવાદ તાજો કરવાનો જે મેલો પ્રયાસ કરવામાં આવેલ છે. તેની સામે પ્રમાણિક પ્રકાશ પાડતો આ ગ્રંથ પ્રગટ કરીને ગ્રંથ-નિર્માતાએ જે સમયોચિત સેવા બજાવી છે તે બદલ તેઓશ્રી ધન્યવાદને પાત્ર લેખાય.

**સંગીત-સાધના:**—પ્રકાશક અને સંપાદક શ્રી ભૂરાભાઈ ફુલચંદ શાહ-વલાદ. (જી. અમદાવાદ) મૂલ્ય રૂા. એક.

ભક્તિરસથી જમાવટ અને એકવાક્યતા જમાવવામાં સંગીતશાસ્ત્ર હંમેશા મહત્વનો ભાગ ભજવતું આવ્યું છે. શાસ્ત્રોએ પણ સંગીતને ઓછું મહત્વ આપ્યું નથી. તીર્થંકર ભગવાનની દેશના હંમેશા સંગીતમાં જ અપાતી, "રાવણ અને અષ્ટાપદ પર્વત પરનાં નૃત્ય" નું દૃષ્ટાન્ત સંગીતનું મહત્વ સમજવાને માટે બસ છે. આ પુસ્તક પ્રગટ કરવાનો આશય પણ સંગીતશાસ્ત્રનો પ્રચાર કરવાનો છે.

લગભગ અઢીસો પાનાના આ પુસ્તકમાં શાસ્ત્રીય સંગીત એ શું છે? તે કળા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? તેનું પ્રાથમિક વિવરણ વગેરે રજુ કરવા બાદ ભક્તિરસપ્રધાન પ્રાચીન અને અર્થગંભીર અર્વાચીન પદો નોટેશન સાથે રજૂ કરવામાં આવ્યા છે. એટલે શાસ્ત્રીય સંગીત શીખવા માટે આ પુસ્તક એક કુશળ સંગીતશિક્ષકની ગરજ સારે તેવું છે.

ગાવાનું કે પૂજા ભણાવવાનું તો આપણને પસંદ હોય છે પરંતુ સંગીતનો ઊંડો અભ્યાસ કરી જ્યારે ગાવામાં આવે છે ત્યારે તેની અસર ગાનાર અને સાંભળનાર ઉપર જુદી જ પડે છે.

આ પુસ્તકમાં આ વસ્તુ ઘણી સરસ રીતે સમજાવવામાં આવી છે.

ગ્રંથના પ્રયોજક ભૂરાભાઈ એક કુશળ સંગીતજ્ઞ છે અને નિઃસ્વાર્થભાવે તેઓ ઘણા સમયથી મહોત્સવાદિ પ્રસંગે પોતાના સુમધુર કંઠ અને શાસ્ત્રીય સંગીતનો લાભ સમાજને આપતા આવ્યા છે. તેમના અનુભવનો નિચોડ આ ગ્રંથની બીજી આવૃત્તિમાં સુધારાવધારા સાથે રજૂ કરવામાં આવ્યો છે. અને સમાજ તેનો યોગ્ય સત્કાર કરશે એમ ઇચ્છીએ છીએ.

પુસ્તક પ્રકાશન માટે દાતાએ ઉદારતાથી સહાય કરી છે. એટલે આ દળદાર પાકું બાંધેલ પુસ્તક એક રૂપિયાના અલ્પ મૂલ્યે આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે તે પણ સાહિત્યપ્રચારની દૃષ્ટિએ આવકારપાત્ર લેખાશે.

---

છપાય છે **જ્ઞાનપ્રદીપ** (ત્રણે ભાગ સાથે) સંપૂર્ણ છપાય છે

**લેખક—સદ્ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન, પાઠન માટે અતિ ઉપયોગી શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્ગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્તે અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઇંડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથી પેટ્રન થનાર મહાશયોને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંદી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ<br>
તા. ૧૩-૧-૫૩ }<br>
૨૦૦૯ પોસ વદ ૧૩

શ્રી જૈન આત્માનંદ સભા.<br>
ભાવનગર

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only